તલોદ બજારમાં સ્થિત દબાણો દૂર કરાયા

તલોદ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના તલોદ બજારમાં ગેરકાયદેસર દબાણ કરી રહેલા લોકોને ખદેડી દેવાની નાટકીય પરંપરા કેટલાક માસને અંતે ફરી એકવાર તલોદમાં ભજવવામાં આવી હોય તેમ બનવા પામ્યું હતું. આડેધડ લારી-ગલ્લા કેબીનો ગે.કા. રીતે મુકી દીધા હોવાથી આ બજારની રોનક આખી જ છિનવાઈ ગઈ છે. રોડ ઉપર ફુટપાથ ઉપર અને વેપારીઓના વ્યવસાયના સ્થળો અને રહેઠાણો આગળ પણ છત્રવાળી લારીઓના દબાણે અહિં માઝા મુકી છે. જે દબાણ દુર કરવા તલોદ નગરપાલિકા સૂત્રોએ લાઉડ સ્પીકર દ્વારા ગત રોજ દબાણ કર્તાઓને જાણ કરી હતી. ત્યારબાદ આજે નગરપાલિકાનો સ્ટાફ દબાણો દૂર કરવા નીકળ્યો હતો.

જો કે મોડી રાત્રીથી કેટલાક છાપરા-ઢાળીયાના દબાણકર્તાઓએ સ્વયં દબાણો દૂર કરી દઈ નગરપાલિકાના ફરમાનને શિરોમાન્ય ગણ્યો હતો. બપોરે દબાણ હટાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે સાંજે તો મોટા ભાગની લારીઓ યથાસ્થાને ગોઠવાઈ ગઈ હતી. આમ દબાણ દૂર કરવાના એકાંકી નાટયક્રમનો આજે રાબેતા મુજબ અંત આવ્યો હતો. નગરપાલિકા સૂત્રો આવી દબાણ હટાવ ઝુંબેશ સતત જારી રાખશે તો જ મહદઅંશે દબાણો દૂર કરવામાં સફળતા મળશે અન્યથા દબાણ દૂર કરવાની કામગીરી એક નાટક હોવાનું દબાણકર્તાઓ અને જેઓને દબાણથી અન્યાય થાય છે તેવા પ્રજાજનો પણ માની રહ્યા છે.

આજે તલોદ પંથકમાં સવારના વાતાવરણમાં કાતિલ ઠંડીનો અહેસાસ થયો હતો. પરંતુ તલોદમાં દબાણ હટાવવાવાળા આવવાના છે તેવા સમાચારથી દબાણકર્તાઓ માં ગરમાવો આવી ગયો હતો. જેઓ વહેલી સવારથી જ દબાણો હટાવવાની કાગીરીમાં સ્વયં લાગી ગયા હતા.

તલોનું વેપારી બજાર કેટલાક સમયથી માત્ર શાકભાજી અને રેડીમડ કપડાં વગેરેનું જ લારી બજાર હોય તેવી દશા થવા પામી છે. અહીં એકથી વધુ લારીઓ ખડકી દેનારા પણ છે. પરંતુ આ બદીને દૂર કરવા નગરપાલિકા સફળ રહેશે કે કેમ? તે સમયની વાત છે.

તલોદ નગરપાલિકા સત્તાવાળાઓએ નગરના લારીઓવાળાને હાલ છૂટછાટ આપીને નમતું જોખ્યું હોય તેમ દેખાઈ રહ્યું છે. હાલ લારીઓ વેપારીની દુકાન આગળ ગોઠવાઈ ગઈ છે. લારી દબાણનું દૂષણ દૂર કરી તેમને એક જ પ્લોટમાં કયાંક ગોઠવવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. (તસવીર : દશરથ વણઝારા)

ધાનેરામાં ઠંડીને લીધે ધુમ્મસ સર્જાયું છે...બનાસકાંઠાના ધાનેરામાં છેલ્લા એકાદ સપ્તાહથી કડકડતી ઠંડી પડી રહી છે. જેથી લોકો થરથરી રહ્યા છે. (તસવીર : ભરત પરમાર)

ઉજી જાન્યુઆરીએ રાત્રે આકાશમાં અદભૂત ઉલ્કાવર્ષાનો નજારો જોવા મળશે

રાજકોટ, તા. ૨૬

ભારત જન વિજ્ઞાન જાથા સંસ્થાએ રાજયમાં તા. ૩જી જાન્યુઆરીએ ઉલ્કાવર્ષાની આગાહી કરી છે. આ ઉલ્કાવર્ષા રાત્રીના ૧ વાગ્યાથી પરોઢ સુધી જોવા મળશે.

દુનિયાભરના લોકોએ ડિસેમ્બરમાં જેમીનીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. હવે વિશ્વમાં જાન્યુઆરીની ૧ થી ૪ તારીખ સુધી ક્વોડરેન્ટીકસ ઉલ્કાવર્ષાનો નજારો જોવા મળનાર છે. આ માટે વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાંખવાની તૈયારી આરંભી છે. આ ઉલ્કાવર્ષાનો નજારો ગુજરાત રાજયમાં પણ નિહાળી શકાશે. આ ઉલ્કાવર્ષામાં તા. ૩જી જાન્યુઆરીએ આકાશમાં રીતસર ઉલ્કાનો વરસાદ જોવા મળશે. જેમાં કલાકના ૧૫ થી ૧૦૦ની સંખ્યામાં ઉલ્કાઓ પડતી જોવા મળશે. ૨૦૧૪ના વર્ષના પ્રારંભે જ ઉલ્કા વર્ષાનો અદભૂત નજારો નિહાળવા ખગોળ શાસ્ત્રીઓ અને અભ્યાસુઓ માટે જાથા દ્વારા રાજકોટ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, અમદાવાદ, આણંદ, નડિયાદ અને કચ્છ ઉપરાંત ગાંધીનગર સહિત અનેક શહેરોમાં અને સમગ્ર ઉત્તર ગુજરાતમાં વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

એસ.ટી.ના ભાડામાં વધારો ઝિંકાતા તલોદમાં કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન

તલોદ, તા. ૨૬

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ તરફથી એસ.ટી. ભાડા દરમાં એકાએક ૧૫ ટકાનો તોતીંગ વધારો ઝિંકી દેતાં મુસાફર જનતા અને આમ પ્રજાની હાલત કફોડી બની છે. એક જ ઝાટકે ૧૫ ટકાનો ભાડા દર વધારો કરવાના નિગમનો નિર્મય આમ પ્રજા માટે અસહ્ય અને અન્યાયી હોવાનું માનીને આજે સાબરકાંઠા જિલ્લાના તલોદ કાતે તાલુકા ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ તાલુકા કોંગ્રેસના હોદ્દેદારોએ તથા સમર્થકોએ એસ.ટી. બસ રોકો આંદોલન કરી ભાડા વધારાનો વિરોધ મુસાફર જતા વતી પ્રદર્શિત કર્યો હતો. થોડીક મિનિટો માટે જ એસ.ટી. બસોને થોભાવી દઈ મુસાફરોની સુવિધા ખાતર બસો જવા દીધી હતી. તલોદ ટાવર વિસ્તારમાં બસો થોભાવીને સરકારની નીતિ રીતિ પ્રતિ સૂત્રોચ્ચાર કરતાં કોંગીજનો પૈકીના ધારાસભ્ય બારૈયા સહિત કુલ ૧૫ વ્યક્તિઓની પોલીસે વિધિવત્ ધરપકડ કરી બાદમાં તમામને મુક્ત કર્યા હતા.

આ વિરોધ પ્રદર્શિત કરવાની કાર્યવાહી દરમિયાન ટ્રાફિક જામના દૃશ્યો જોવા મળ્યા હતા. જે ટ્રાફિકને પોલીસે વિનયપૂર્વક હળવો કર્યો હતો. આ વધારાનો વિરોધ પ્રદર્શિત કરતી આ લડતમાં તાલુકા કોંગ્રેસ પ્રમુખ મંગુસિંહ ઝાલા તથા આજુબાજુના ગામોના કોંગીજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઝાલોરવાળી બસ થોભાવતા તેમાંથી ત્રણેક વિદ્યાર્થીઓ નીચે ઉતર્યા હતા જેઓને પરીક્ષા આપવા પરીક્ષા મથકે પહોંચવાનું હોઈ માનવતા ખાતર તે બસને દેખાવકારોએ તુરંત જ જવા દીધી હતી.

પ્રાંતિજ તાલુકાની સ્કૂલોમાં સરપ્રાઈઝ ચેકીંગ

ત્રણ શિક્ષકોને નોટીસ : ગુલ્લીબાજ શિક્ષકોમાં ફફડાટ

પ્રાતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાની સાબરકાંઠા જિલ્લા પંચાયત હસ્તકની જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ હેઠલ ચાલતી પ્રાથમિક શાળાઓમાં તાલુકા પંચાયત ડીડીઓ,ડી.ડી. મકવાણા મારફતે સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરતાં તાજપુર શાળામાં ફરજ બજાવતા અને સમયસર શાળામાં નહીં આવતા બે-ત્રણ શિક્ષકો ધક્કે ચડી જતાં તેમણે નોટીસ ફટકારવામાં આવી છે. ઉપરાંત સફાઈ, સેનીટેશન, શિક્ષણ સંબંધી સૂચનાઓ આપવામાં આવી છે.

પ્રાંતિજ તાલુકામાં ચાલતી પ્રાથમિક શાળાઓમાં સમયસર શિક્ષકોની હાજરી, સફાઈ, શિક્ષણ સંબંધી તપાસણી અંતરગત સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરાનાર છે. તાલુકા કેળવણી નિરીક્ષક તુલસીભાઈ વાઘેલા તથા ડી.ડી.ઓ. ડી.ડી. મકવાણા મારફતે તાલુકાની પ્રાથમિક શાળાઓની મુલાકાતો ગોઠવવામાં આવી છે અને આ મુલાકાતમાં સમયસર શાળાએ નહીં આપતા, સફાઈ શિક્ષણ સહિતની કામગીરીમાં બેકાળજી રાખનાર શિક્ષકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર છે. તાલુકાના અંતરીયાળ ગામડાઓમાં શિક્ષકો સમયસર હાજર નહી રહેતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે શિક્ષણના હાકેમો કયાં કેવો દંડો ઉગામી શિક્ષકોની નિયમિતતાના પાઠ ભણાવશે એ તો સમય જ બતાવશે. બાકી અભી તો યહા સબ સલામતની ખોખલી વાતો ચાલે છે.

જયારે હજુ કેટલીય શાળાઓમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરવામાં આવે તો કેટલાક ગુલ્લીબાજ શિક્ષકો હાથ લાગે તેમ છે. પણ તંત્ર પણ ખાલી ઉગમા તીર છોડે છે અને કાગળઓ ઉપર ખાલી વિઝિટ બતાવવામાં આવે છે પણ સાચે જ તપાસનો દોર કરવામાં આવે તો કેટલીય શાળાઓમાં શિક્ષકો - શિક્ષિકાઓ શાળા સમયે શાળાએ પહોંચતા નથી અને શાળા છુટવા સમય પહેલાં શાળાએથી નિકળી જાય છે. શિક્ષકો દ્વારા શાળાએ અનિયમીતતાને કારણે શાળામાં બાળકોમાં શિક્ષણની પણ ઉણપ જોવા મળે છે.

બનાસકાંઠાના સરહદી ધાનેરા ખાતે તૈયાર થનાર રેલવે ઓવરબ્રિજની પહોળાઈ વધારવા માટે આજે નગરપાલિકા પ્રમુખ બળવંતસિંગ રાવની આગેવાનીમાં યુથ કોંગ્રેનસા કાર્યકરોએ નાયબ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં નાથાભાઈ પટેલ, મહુદાભાઈ પટેલ, અંકિતા ઠાકોર વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : ભરત પરમાર)

પ્રાંતિજના આદોલિયા ગામે કેનાલમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૨૬

પ્રાંતિજ તાલુકાના આદોલીયા પાસે આવેલ સૂઝલામ - સૂફલામ કેનાલમાંથી આજે આશરે ૪૫ વર્ષીય પુરુષનો પાણીમાં તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આ મામલે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર પ્રાંતિજ પાસે આવેલ આદોલીયા ગામની સીમમાંથી સૂઝલામ - સુફલામ કેનાલ પસાર થાય છે. જ્યાં કેનાલના પાણીમાં એક વ્યક્તિનો મૃતદેહ તરતો ગ્રામજનોને દેખાયો હતો. પરિણામે આ મૃતદેહ અંગે પ્રાંતિજ પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. આથી પોલીસ અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહને બહાર કાઢી તેની ઓળખવિધિ હાથ ધરી હતી અને મૃતદેહ પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો.

દાંતીવાડા તાલુકામાં નવીન રસ્તાઓનું ભૂમિપૂજન-લોકાર્પણ કરાયું

દાંતીવાડા તાલુકાના ગામોમાં રસ્તાઓનું ભૂમિપૂજન તેમજ લોકાર્પણ બનાસકાંઠા સંસદ હરિભાઈ ચૌધરીના હસ્તે કરાયું

દાંતીવાડા, તા. ૨૬

દાંતીવાડા તાલુકામાં બનાસકાંઠા સંસદ સભ્ય હરિભાઈ ચૌધરીના વરદ્‌હસ્તે મારવાડા, વડવાસ, સુરજપુરા, ઝૂવોળ, કરજા ગામોને જોડતો રસ્તો ૬,૭૧,૪૪,૪૦૦ના ખર્ચે તેમજ જેગોલ, ગાગુદ્રા, ભડલી, જાત, કોટડા ગામોને જોડતો રસ્તો ૪,૨૧,૩૯,૯૦૦ના ખર્ચે તેમજ જા, આકોલી, ભીલડા ગામોને જોડતો રસ્તો ૨,૮૯,૬૭,૬૦૦ના ખર્ચે આમ ત્રણ રસ્તાઓનું ભૂમિપૂજન અને ડેરી, વાવધરા, મેથીપુરા ગામોને જોડતો રસ્તો ૩,૫૭,૮૮,૫૦૦ના ખર્ચે તૈયાર થયેલ રસ્તાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વાવધરા ગામ વર્ષોથી રસ્તાથી વંચિત હતું અને તે ગામ ગુજરાતનું બોર્ડરનું ગામ છે. ગામને રસ્તો મળતા લોકોમાં બેહદ ઘૂસી જોવા મળી હતી. વેળાવાસ ગામે શાળાના મેઈન ગેટનું અને પાણીના બોરનું લોકાર્પણ પણ કરાયું હતું. આ રસ્તાઓના ભૂમિપૂજન તેમજ લોકાર્પણ કાર્યક્રમ સમયે એકત્રિત થયેલા લોકોમાં ભારતીય જનતા પાર્ટીની વાહવાહ સંભાળવા મળી હતી. જેગોલ ગામમાં કોંગ્રેસના કાર્યકરોને સંસદ સભ્ય દ્વારા ખેસ પહેરાવી ભાજપમાં જોડવામાં આવ્યા હતા અને કાર્યકરોને નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબુત કરી કમળને ખીલવવા આહ્‌વાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, મેરુજી ધુન્ખ, વસંતભાઈ પુરોહિત, ગણપતભાઈ રાજગોર, દશરથભાઈ, તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ મોદી, તાલુકા ભાજપ મહામંત્રી નટુભાઈ ચૌધરી, તાલુકા ભાજપ મહામંત્રી ઈશ્વરભાઈ ટાયાણી, તાલુકા પંચાયત પ્રમુખ ઈશ્વરસિંહ, પૂર્વ તાલુકા ભાજપ મહામંત્રી જયેન્દ્રભાઈ જોશી, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ અહજીભાઈ પરમાર, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ હરજીભાઈ, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ઈશ્વરભાઈ, પૂર્વ તાલુકા યુવા ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચૌધરી હાજર રહ્યા હતા.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

ઉમરેઠમાં આલા હજરતનો ઉર્સ ઉજવાશે

ઉમરેઠ, તા. ૨૬

આણંદ જિલ્લાના ઉમરેઠ શહેરમાં પ્રતિવર્તની જેમ આ વર્ષે પણ તા. ૨૭ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન ત્રિદિવસીય આલા હઝરતનો ઉર્સનો કાર્યક્રમ યોજાશે.

આ ઉર્સમાં તા. ૨૭મી ને શુક્રવારના રોજ સવારે નમાઝ પછી નાસત શરીફનો કાર્યક્રમ, તા. ૨૮ને શનિવારે ફજરની નમાઝ પછી, ક્રુઆન ખ્વાની થશે તેમજ ઈશાની નમાઝ પછી જીક્ર શરીફ થશે જયારે તા. ૨૯ને રવિવારના રોજ બપોરના ૨.૩૮ કલાકે ખાનકાહે આલીયહ, કાદરીયહ, બસ્કાતીયહ, રઝવાયહ કસ્બા સૈયદ વાડા ખાનકાહ ખાતે ફુલશરીફ થશેઅને બાદમાં ભવ્ય જુલુસ નિકળી શહેરના માર્ગો પર ફરશે. ઉપરાંત સાંજના મગરીલની નમાઝ પછી ખાનકોહ હઝરત ઈમામ અહમદ રઝાખાનો લંગર ખવડાવવામાં આવશે. આ સમગ્ર ઉર્સનું સંચાલન પીરેતરીકત હાજી મો. યાસીન બાપુની સર પરસ્તીથી થશે.

અમરપુરાના પૂર્વ સરપંચ લૂંટ અને હુમલાના કેસમાં જેલ હવાલે

પૂર્વ સરપંચ સહિત ચાર ઈસમો સામે ગુનો દાખલ

ડીસા, તા. ૨૬

સરસ્વતી તાલુકાના અમરપુરા ગામે ઘાસના પુળાની ઉઘરાણી માટે આવેલા કાતરા ગામના ખેડૂતને મારમારી ચાર તોલા સોનાના દોરાની લૂંટ ચલાવનાર માજી સરપંચ સહિત ચાર ઈસમો સામે ગુનો દાખલ થયા બાદ વાગડોદ પોલીસે માજી સરપંચને જેલના સળીયા પાછળ ધકેલી તેના ત્રણ દિવસના રીમાન્ડ મેળવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સરસ્વતી તાલુકાના અમરપુરા ગામના પૂર્વ સરપંચ અબ્દુલ રહેમાન નુરમહમંદ દાઉવાએ કાતરા ગામના પેશાભાઈ કાલુભાઈ ગોઠી પાસેથી ઘાસના પૂળાની ખરીદી કરી હતી જેના રૂ. ૬.૬૮ લાખ પશાભાઈ ગોઠીને લેવાના હતા તેની સિક્યુરીટી માટે અબ્દુલ રહેમાન દાઉવાએ ચેક આપ્યા હતા પરંતુ તેણે સમભવેલ કે તમો ચેક પરત આપી દો હું તમારા નાણાં ભરપાઈ કરી દઈશ.

આથી પશાભાઈ ગોઠીએ રૂ. ૬.૬૮ લાખના ચેક પરત આપી દીધા હતા. ત્યારબાદ વારંવાર ઉઘરાણી કરવા છતાં નાણાં નહીં આપતા તા. ૧૯-૧૨-૨૦૧૩ના રોજ પશાભાઈ ગોઠી એક ઠાકોર અને અન્ય એક વ્યક્તિઓ અમરપુરા ગામે અબ્દુલ રહેમાન દાઉવાના બોર ઉપર ઉઘરાણી માટે ગયા હતા ત્યારે ઉશ્કેરાયેલા દાઉવા તેમજ તેની પત્ની રઝીયાબેન દાઉવા, પુત્ર અતાઉલ્લા દાઉવા અને યુનુસ દાઉવાએ પશાભાઈ પર હુમલો કરી છરી બતાવી તેમના ગળામાં પહેરેલ ચારતોલા સોનાના દોરા (કિંમત ૧.૨૦ લાખ)ની લૂંટ ચલાવી હતી. આ બાબતે પશાભાઈ ગોઠીએ અબ્દુલ દાઉવા સહિત ૩ વ્યક્તિઓ સામે વાગડોદ પોલીસ મથકમાં લૂંટ અને હુમલાની ફરિયાદ નોંધાવી હતી અન અબ્દુલ દાઉવાની ધરપકડ કરી હતી અને સાત દિવસના રીમાન્ડ માંગ્યા હતા. પરંતુ કોર્ટે ત્રણ દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા. જ્યારે અન્ય આરોપીઓને ઝડપી પાડવા પોલીસે ચક્રોગતિમાન કર્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

પ્રાંતિજમાં વસતા મોદી સમાજના પરિવારજનોનો સ્નેહમિલન અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજાયો હતો. મોદી સમાજની વાડી ખાતે યોજાયેલ આ સમારંભમાં મોટી સંખ્યામાં જ્ઞાતિબંધુઓ જોડાયા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)